Cr.P.C. કલમ ૨૬૮ હેઠળનો પ્રતિબંધાત્મક હુકમ રીવોક કરવા બાબત.

# ગુજરાત સરકાર

## ગૃહ વિભાગ

પરિપત્ર ક્રમાંકઃજલક-૩૯૨૦૧૩-૧૭૨૮-જ

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ 24 MAY 2013

**પરિપત્રઃ**

માથાભારે તત્વો તથા સમાજ માટે ઉપદ્રવરૂપ ઇસમો એવા આરોપી/ગુનેગાર વિરૂદ્ધ સી.આર.પી.સી.ની કલમ ૨૬૮ હેઠળ પ્રતિબંધાત્મક હુકમો લાગુ પાડવા માટે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય તરફથી દરખાસ્ત કરવામાં આવે છે. આ દરખાસ્ત બાબતે કાળજીપૂર્વક વિચારણા કરી સરકારશ્રી દ્વારા સંબંધિત આરોપી/ગુનેગાર વિરૂદ્ધ સી.આર.પી.સી. કલમ ૨૬૮ હેઠળના પ્રતિબંધાત્મક હુકમ લાગુ પાડવામાં આવે છે. આ હુકમો રીવોક કરવા માટે અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી તરફથી જુદા જુદા કારણોસર કેદીને જેલની બહાર કાઢવા માટે દરખાસ્ત સરકારશ્રીમાં મોકલવામાં આવે છે. આ દરખાસ્તમાં પૂરતી વિગતો ઉપલબ્ધ નહીં થવાને પરિણામે સરકારશ્રી કક્ષાએથી યોગ્ય નિર્ણય લેવામાં ઘણી જ મુશ્કેલી પડે છે. જે નિવારી શકાય તેવા હેતુથી હવેથી નીચે મુજબના પરિરૂપમાં સી.આર.પી.સી. કલમ ૨૬૮ હેઠળનો હુકમ રીવોક કરવા માટેની દરખાસ્ત મોકલવાની રહેશે.

**પરિરૂપઃ**

(૧) કેદીનો પ્રકાર (કાચા/પાકા)

(૨) કેદીનું નામ અને કેદી નંબર

(૩) જેલનું નામ

(૪) પોલીસ સ્ટેશન, ગુ.ર.નં./કલમ

(૫) ગુનાની ટૂંકી વિગત

(૬) સી.આર.પી.સી. કલમ ૨૬૮ લાગુ પાડયાના સરકારશ્રીના હુકમ નં./તારીખ
(નકલ અવશ્ય સામેલ રાખી મોકલવી)

(૭) સીઆરપીસી કલમ ૨૬૮ હેઠળનો હુકમ રીવોક કરવાનું સ્પષ્ટ કારણ

(૮) અગાઉ કેટલી વખત હુકમ રીવોક કરવામાં આવેલ છે, કયા હેતુસર અને કયા સમય દરમિયાન **(પ્રસ્તુત મુદ્દાની વિગત નીચેના પત્રક સ્વરૂપે રજૂ કરવી.)**

| ક્રમ | ૨૬૮નો હુકમ રીવોક કરવાનું કારણ | રીવોકનો સમયગાળો | સરકારશ્રીની મંજૂરી મળ્યાના હુકમની વિગત | કેદી/આરોપી સમયસર જેલમાં પરત આવેલ છે કે કેમ? | જો કેદી સમયસર જેલમાં પરત ના ફરેલ હોય તો શું કાર્યવાહી કરેલ છે? | કેદીએ ફરાર રહી કોઇ ગુનો આચરેલ હોય તો તેની વિગત |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

(૧૦) જે.ઇ.જ.શ્રીનો જરૂરી અભિપ્રાય

૨. જે આરોપી/ગુનેગાર વિરુદ્ધ સી.આર.પી.સી. કલમ ૨૬૮ હેઠળનો પ્રતિબંધાત્મક હુકમ લાગુ પાડવામાં આવેલ હોય તે હુકમ રીવોક કરવા માટેના સંજોગો નિર્માણ થયેથી, ઉક્ત પરિરૂપ મુજબની દરખાસ્ત જરૂરી આધારો સાથે સરકારશ્રીમાં રજૂ કરવાની રહેશે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(દિલીપ જી. સોની)**
**નાયબ સચિવ**
**ગૃહ વિભાગ**

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જેલ અધિક્ષકશ્રીઓ(**મારફતેઃ જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી**)
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.

સિલેક્ટ ફાઇલ.